### સાત દિવસના કેમ્પમાં ગ્રામજનો સાથે જનજાગૃતિ સહિતના કાર્યક્રમો યોજ્યા

# સાણંદના ચેખલા ગામે યોજાયો NSS કેમ્પ




**નવગુજરાત સમય > સાણંદ**

સાણંદ તાલુકાના ચેખલા ગામે અમદાવાદની એસ.આર. મહેતા આર્ટ કોલેજ દ્વારા સાત દિવસ સુધી એનએસએસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાત દિવસ સુધી ચેખલા ગામમાં રહીને કેમ્પના પ્રોગ્રામ ઓફિસર સીમા કાદરીના નેતત્વ હેઠળ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા દરરોજ વહેલી સવારે ગામમાં પ્રભાતફેરીથી શરૂ કરીને યોગા ટ્રેનીંગ, ફિટનેસ સેશન તેમજ વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં સાફ સફાઈથી લઈને વૃક્ષારોપણ સહિતનો શ્રમયજ્ઞ, બહેનો માટે ઘડાદોડ , રસ્સા ખેચ, સંગીત ખુરશી સહિતની સ્પર્ધામાં ગ્રામજનોનો પણ સહયોગ સાંપડ્યો હતો. તેમજ બાળકો માટે વકતૃત્વ સ્પર્ધા, બાળવાર્તા, ગરબા સ્પર્ધા સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત અમિત ત્રિવેદીનો મોટીવેશનલ લેકચર સહિત કાર્યક્રમોમાં ગામના સરપંચ લક્ષ્મણભાઈ સહિત ગ્રામજનોએ સહયોગ આપ્યો હતો. સાત દિવસના કેમ્પમાં અંતિમ દિવસે પૂર્ણાહૂતિ સમારોહમાં કોલેજના પ્રિન્સીપાલ ડો દર્શાબહેન જાની તેમજ ડો.સીમાબહેન બડગુર્જર,પ્રો.બી.કે. પલાશ, પ્રો.ગોવિંદભાઈચૌધરી, અને પંકજભાઈપટેલની હાજરીથી વિદ્યાર્થીઓનો ઉત્સાહ બેવડાયો હતો.